*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

Sl.No. 0122111

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
| **01** |

# 13(G)

**(MARCH, 2018)**
**(New Course)**

Day 5

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) કૃષ્ણ ભગવાનના પહેરવેશમાં નીચેનામાંથી કયું વિધાન બંધબેસતું નથી ?

(A) કૃષ્ણને માથે મુગટ છે. (B) કૃષ્ણએ પીળું પીતાંબર પહેર્યું છે.
(C) કૃષ્ણએ પગમાં ઝાંઝર પહેર્યાં છે. (D) કૃષ્ણએ જરકસી જામો પહેર્યાં છે.

2) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?

(A) સુખ અને સમૃદ્ધિ (B) ઈશ્વરનું સાંનિધ્ય
(C) ઈશ્વરના દર્શન (D) ઈશ્વરના નામનું રટણ

3) 'જીવમાં જીવ આવ્યો' – કૃતિમાં શેનું વર્ણન છે ?

(A) વરસાદના આગમનનું
(B) માનવ સૃષ્ટિના દુઃખનું
(C) પક્ષીઓના કલરવનું
(D) પ્રાણીઓના અવાજનું

4) 'હાથમાં ઉષ્મા અને થડકો' કહીને કવિ કયા ભાવને ભેળવવાની વાત કરે છે ?

(A) મિત્રનો
(B) પરસ્પરના વેરભાવ
(C) પરસ્પરના હૃદયનો ભાવ
(D) પરસ્પરના ટીકાનો ભાવ

5) નાયિકા દીવાનખાનામાં વસ્તુઓ કેવી રીતે ગોઠવે છે ?

(A) વસ્તુના રંગ પૂછીને
(B) વસ્તુનું મન પૂછીને
(C) વસ્તુના આકાર પ્રમાણે
(D) દીવાનખાનાની જગ્યા પ્રમાણે

6) કાનાની મોરલીએ કોણ ઘેલું બન્યું ?

(A) ગાયો
(B) ગરબો
(C) ગોપાળો
(D) ગોપીઓ

7) સભામાં બેસવા માટેની લાયકાતનાં વિધાનોમાં કયું વિધાન યોગ્ય નથી ?

(A) તે ખૂબ હોશિયાર હોય.
(B) તે વિનમ્ર હોય.
(C) તે સંવેદનશીલ હોય.
(D) તે ગુપ્તદાન કરતો હોય.

8) 'હાઈકું' માં કેટલા અક્ષરની કેટલી પંક્તિ હોય છે ?

(A) 5 - 8 - 5 એમ બે પંક્તિ હોય છે.

(B) 6 - 7 - 5 એમ ત્રણ પંક્તિ હોય છે.

(C) 5 - 7 - 5 એમ ત્રણ પંક્તિ હોય છે.

(D) 5 - 5 - 5 એમ ત્રણ પંક્તિ હોય છે.

9) કવિ કરસનદાસ માણેકનો જન્મ ક્યાં થયો હતો ?

(A) કાનપુરમાં (B) કરાંચીમાં

(C) કરાલીમાં (D) કલોલમાં

10) 'જીવમાં જીવ આવ્યો' કાવ્યના કવિનું નામ કયું છે ?

(A) સ્નેહી પરમાર

(B) નિરંજન ભગત

(C) પન્ના નાયક

(D) હરિકૃષ્ણ પાઠક

11) 'દીવાનખાનામાં' કાવ્યનો પ્રકાર કયો છે ?

(A) અછાંદસ પ્રકાર (B) ઊર્મિકાવ્ય પ્રકાર

(C) ગઝલ પ્રકાર (D) સૉનેટ પ્રકાર

12) 'હાથ મેળવીએ' કાવ્ય કવિના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

(A) નંદાલય (B) ગીતોલય

(C) કાનાલય (D) છંદોલય

13) 'મોરલી ક્યાં રે વાગી !' આ પ્રશ્ન અહીં વારંવાર પૂછાયો છે. છતાં તેની સાથે પ્રશ્નનાર્થ ચિહ્ન નહિ, ઉદ્‌ગાર ચિહ્ન મૂકાયું છે. કેમ ?

(A) અહીં મુખ્ય ભાવ ઉત્તર પૂછવાનો નહિ પણ ભાવનો છે.
(B) અહીં મુખ્ય ભાવ સવાલ પૂછવાનો નહિ પણ આશ્ચર્યનો છે.
(C) અહીં મુખ્યભાવ પ્રશ્ન પૂછવાનો છે જવાબ મેળવવાનો છે.
(D) અહીં મુખ્ય ભાવ છે જ નહિ.

14) કવિ કઈ રીતે આપેલ દાનને ઉત્તમ માને છે ?

(A) હાથથી દાન આપ્યું હોય
(B) દાન આપ્યું જ ન હોય
(C) ગુપ્ત રીતે દાન આપ્યું હોય
(D) દાનની ખૂબજ જાહેરાત કરી હોય

15) કડવા લીમડાની છાયા કેવી હોય છે ?

(A) શીતળ (B) ગરમ
(C) આકરી (D) તૂરી

16) 'શરણાઈના સૂર' વાર્તા અંતે કયા રસની વાર્તા બની રહે છે ?

(A) શાંતરસની (B) શોકરસની
(C) હાસ્યરસની (D) કરુણરસની

17) 'શું બકેચ ? આય તો તીકીટ ઑફિસ છે.' – વાક્ય કોણ બોલે છે ?

(A) ભદ્રંભદ્ર (B) સોરાબજી
(C) હિંદ મુસાફર (D) અંબારામ

18) ડૉ. વર્ગીસ કુરિયન દ્વારા લખાયેલ આત્મકથાનું નામ આપો.

(A) 'મારું સ્વપ્ન' (B) 'તારું સ્વપ્ન'

(C) 'કોણું સ્વપ્ન' (D) 'સ્વપ્નની દુનિયા'

19) 'સામગ્રી તો સમાજની છે ને !' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) બોધકથા (B) શોકકથા

(C) પ્રસંગકથા (D) કરૂણકથા

20) 'સસ્તી મૂડી સિદ્ધપુરની જાત્રા' - આ કહેવત કયા પાઠમાંથી લેવામાં આવી છે ?

(A) શ્વેતક્રાંતિના પ્રણેતા

(B) સૂરજ તો બધે જ સરખો

(C) સામગ્રી તો સમાજની છે ને !

(D) શરણાઈના સૂર

21) ''આવાં ને કાંઇ સોંપાતું હશે ? ડોશી જેવું મૂરખ કોઈ નહિ હોય.'' આ વાક્ય કોણ બોલે છે ?

(A) માયા (B) ઉષા

(C) ઉમા (D) રમા

22) 'ઝબક જ્યોત' પાઠમાં કઈ તારીખ, કયો મહિનો અને કઈ સાલની વાત કરવામાં આવી છે ?

(A) 17 મી મે, 1930 ની

(B) 17 મી જૂન, 1930 ની

(C) 12 મી માર્ચ, 1930 ની

(D) 16 મી મે, 1930 ની

23) પાઠ્યપુસ્તકમાં કયા લેખકની જન્મ અને મૃત્યુની તારીખ સમાન છે ?

(A) પન્ના નાયક

(B) સ્નેહી પરમાર

(C) વિનોદ ભટ્ટ

(D) દુલેરાયા કારાણી

24) 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને શેની માવજત માટે જાગૃત કરે છે ?

(A) પાણીની (B) પ્રાણીની

(C) પર્યાવરણની (D) તંદુરસ્તીની

25) 'ઉં' ધરાઈ જઉં પણ આ સામે બેઠી કાળવી અને ગોરવી હમણાં આવશે..... એ બંનેને શો જવાબ આપવાનો ? આ વાક્ય કોણ બોલે છે ?

(A) ગમથી મા (B) કમથી મા

(C) અમથી મા (D) ભણથી મા

26) રમઝુને કેટલા વરસની મા વિહોણી બાળકીની માતા થવું પડેલું ?

(A) બે વરસની (B) ત્રણ વરસની

(C) અઢી વરસની (D) દોઢ વરસની

27) વર્ગીસ કુરિયનનો જન્મ કયા સ્થળે થયો હતો ?

(A) આણંદ

(B) લંડન

(C) કેલિકટ

(D) જાપાન

28) માથેરાનમાં લેખક કયા પૉઈન્ટ પર નાળિયેરનું પાણી પીતાં ?

(A) સનસેટ પૉઈન્ટ

(B) એકો પૉઈન્ટ

(C) ડોના - પૌલા

(D) પનોરમા

29) નવના ટકોરે કઈ ઘટના બની ?

(A) દીપક ફરવા ગયો.

(B) દીપકનો દીપક હોલવાઈ ગયો.

(C) દીપક સાંયફેરી માટે ગયો.

(D) દીપક જમવા બેઠો.

30) જેઠીબાઈ હાથમાં શું લઈને અધિકારીઓ પાસે ગયાં હતાં ?

(A) સળગતી મશાલ

(B) બેનર

(C) ત્રિરંગો

(D) કારખાનાનો વાવટો

31) નીચેનામાંથી કયો શબ્દ 'ત્વરિત' શબ્દનો સમાનાર્થી નથી ?

(A) ઝડપી

(B) વેગીલું

(C) ઉતાવળું

(D) ઠંડું

32) નીચેનામાંથી કયો શબ્દ 'મહેમાન' શબ્દનો સમાનાર્થી નથી ?

(A) અતિથિ (B) દોસ્ત

(C) અભ્યાગત (D) પરોણો

33) 'રક્ષણ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(A) ભક્ષણ

(B) લક્ષણ

(C) બક્ષણ

(D) સંરક્ષણ

34) નીચેનામાંથી કયો શબ્દ 'કુમતિ' શબ્દનો વિરુદ્ધાર્થી છે ?

(A) હસુમતિ (B) કૂમતિ

(C) સુમતિ (D) દુમતિ

35) યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

કાન્તિના બીજા હાથમાં બે ...... હતી.

(A) ઠેલી (B) થેલી

(C) ઢેલી (D) યેલી

36) નીચેના કયા શબ્દની જોડણી સાચી છે ?

(A) વીશાદ (B) વીષાદ

(C) વિશાદ (D) વિષાદ

37) નીચેનામાંથી કયો સંધિ વિગ્રહ સાચો છે ?

(A) આજ્ઞા + અધીન

(B) આજ્ઞા + આધીન

(C) આજ્ઞા + આધીણ

(D) આજ્ઞા + આધીન્

38) નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસ શોધો.

(A) કુટુંબમાયા

(B) આવકવેરો

(C) લગ્નવિધિ

(D) ચિંતાતુર

39) 'નવરો બેઠો નખ્ખોદ વાળે' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A) મન વગરનો માણસ મુશ્કેલી ઊભી કરે.

(B) કામ વધારવાવાળો માણસ મુશ્કેલી ઊભી કરે.

(C) ઈચ્છા હોય તો બધું જ થાય.

(D) કામ વગરનો માણસ મુશ્કેલી ઊભી કરે.

40) 'અનુભવી લોકોની સલાહ ખરે સમયે કામ લાગે.' અર્થ દર્શાવતી કહેવત શોધો.

(A) હાજર સો હથિયાર (B) અપના હાથ જગન્નાથ

(C) ઘરડાં ગાડાં વાળે (D) ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે

41) નીચેનામાંથી કર્મણિ વાક્ય રચના કઈ છે ? તે જણાવો.

(A) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શક્યો ન હતો.

(B) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુથી પણ ઉકેલી શકાયો ન હતો.

(C) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ દ્વારા ઉકેલી શક્યો નહતો.

(D) સકીનાના મૃત્યુનો ભેદ રમઝુ વડે પણ ઉકેલી શકાયો ન્હતો.

42) નીચેના વાક્યમાં રેખાંકિત - વિશેષણનો પ્રકાર ઓળખાવો.

બે - ત્રણ <u>નાના-મોટા</u> ટીંબા છે.

(A) સંખ્યાવાચક

(B) સાર્વનામિક

(C) માત્રાસૂચક

(D) ગુણવાચક

43) નીચેનામાંથી વિકારી વિશેષણ શોધો.

(A) સાંકડું (B) રેશમી

(C) યોગ્ય (D) ગરીબ

44) ગાડીમાં બારી પાસે બેસી ગામ ખેતર નદી નગર જોયાં છે. વાક્યને યોગ્ય વિરામચિહ્ન સાથે ફરીથી લખો.

(A) ગાડી મા બારી પાસે બેસી ગામ, ખેતર, નદી, નગર જોયાં છે.

(B) ગાડીમાં ! બારી પાસે બેસી ગામ, ખેતર નદી નગર જોયાં છે.

(C) ગાડીમાં બારી પાસે બેસી ગામ, ખેતર, નદી, નગર જોયાં છે.

(D) ગાડીમાં બારી પાસે બેસી ગાય, ખેતર, નદી નગર જોયાં છે.

45) અવતરણચિહ્નમાં કયા બે પ્રકારના ચિહ્નો હોય છે ?

(A) ત્રેવડાં અને ચૌવડાં

(B) એકવડાં અને બેવડાં

(C) એકવડાં અને ત્રેવડાં

(D) પંચવડાં અને ચૌવડાં

■ **નીચેનું મુક્તક વાંચી, આપેલા પ્રશ્નના ઉત્તર આપો. (પ્ર. 46 અને 47)**

અમને નાખો જિંદગીની આગમાં
　　આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
　　મોતને પણ આવવા દો લાગમાં.

46) 'અમને નાખો જિંદગીની આગમાં' .....મુક્તક કોનું છે ?

(A) શેખાદમ ભાલુવાલા

(B) શેખાદમ બાબુવાલા

(C) શેખાદમ કાબુવાલા

(D) શેખાદમ આબુવાલા

47) જિંદગીની આગને શેમાં ફેરવી નાખવા કવિએ વાત કરી છે ?

(A) બાગમાં (B) રાગમાં

(C) ભાગમાં (D) લાગમાં

આર્ટ ફિલ્મોના સર્જક શ્યામ બેનેગલે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વિચાર અને કાર્યોના પ્રસાર-પ્રચાર માટે એક ફિચર ફિલ્મ બનાવવાનું સૂચન કર્યું. કુરિયનને આ વિચાર ગમ્યો, પરંતુ ખર્ચ માટે દસેક લાખ રૂપિયાની જરૂર હતી. તેમણે દૂધ ઉત્પાદક મંડળીના સૌ સભ્યોને-ગામે ગામથી 'ટોકન' સ્વરૂપે માત્ર એક રૂપિયો આપવા જણાવ્યું. જરૂરિયાત પૂરી થઈ અને 'મંથન' નામની ફિલ્મ તૈયાર થઈ. તેને સારો પ્રતિસાદ મળ્યો. તે ફિલ્મને કેટલાક પારિતોષિકો પણ મળ્યાં. ડૉ. કુરિયનને તેમનાં કાર્યો માટે એકાધિક પારિતોષિકો એનાયત થયાં છે. **(પ્ર. 48 થી 50)**

48) દૂધ ઉત્પાદક મંડળીના વિચાર અને કાર્યોના પ્રસાર-પ્રચાર માટે કયું સૂચન આવ્યું ?

(A) ચિલ્ડ્રન ફિલ્મ બનાવવાનું

(B) દૂધ ઉત્પાદન ફિલ્મ બનાવવાનું

(C) ફિચર ફિલ્મ બનાવવાનું

(D) ડેરીને લગતી ફિલ્મ બનાવવાનું

49) ફિલ્મના ખર્ચ માટે કેટલા રૂપિયાની જરૂર હતી ?

(A) અગિયાર લાખ રૂપિયાની (B) દસેક લાખ રૂપિયાની

(C) બાર લાખ રૂપિયાની (D) તેર લાખ રૂપિયાની

50) ડૉ. વર્ગીસ કુરિયનની જન્મ તારીખ કઈ છે ?

(A) તા. 24 - 10 - 1921 (B) તા. 25 - 10 - 1922

(C) તા. 25 - 10 - 1921 (D) તા. 26 - 10 - 1921

# 13(G)

**(MARCH, 2018)**
**(New Course)**

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 22 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેકના 4 ગુણ)**

1) રમઝુ મીરનું શબ્દ-ચિત્ર આલેખો. **[4]**

2) વર્ગીસ કુરિયન ત્રિભુવનદાસના કયા ગુણોથી પ્રભાવિત થઈ તેમને ગુરુ માનતા હતા ? **[4]**

અથવા

પારવતીબા અને મોટાભાઈ માટે રમાના મનમાં કેવો ઈર્ષ્યાભાવ હતો તે પાઠને આધારે લખો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)**

3) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે ? [2]

4) સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું ? [2]

5) 'સૂર્યને જોવા માટે લેખક મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ શા માટે કહે છે ? [2]

6) દીપક કેવી રીતે ઘવાયો ? [2]

અથવા

પોર્ટુગીઝ ઑફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

■ **માગ્યા પ્રમાણે જવાબ લખો. (દરેકનો 1 ગુણ)**

7) 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ કોને લખ્યો છે ? [1]

8) કઈ કૃતિમાં 'શીમળાના વૃક્ષનો' ઉલ્લેખ કરવામાં આવ્યો છે – કૃતિનું નામ લખો. [1]

9) 'ટિફીન' લઘુકથાના લેખકનું નામ આપો. [1]

10) 'બે જીવ નેંહાકા નાંખે તો મારું ખાધેલું ય .....!' આ વાક્ય કોણ બોલે છે ? [1]

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો.**

11) ''જીવન અંજલિ થાજો'' કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો. [4]

અથવા

'આ બેય ખાલી હાથમાં કેટલું છે ?' - પંક્તિ સમજાવો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)**

12) વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઈ ? [2]

13) નાયિકા દીવાનખાનાની કઈ-કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે ? [2]

14) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો. [2]

અથવા

તળાવને કોણ જગાડે છે ?

■ **માગ્યા પ્રમાણે જવાબ આપો. (દરેકનો 1 ગુણ)**

15) 'મીરાંબાઈ'નો જન્મ ક્યાં થયો હતો ? [1]

16) 'તે બેસે અહીં' ગઝલના કવિનું નામ આપો. [1]

17) કરશનદાસ માણેકનું ઉપનામ જણાવો. [1]

18) 'ક્યાં રે વાગી' કાવ્યનો સાહિત્ય પ્રકાર કયો છે ? [1]

19) 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિ કોનો હાથ માંગે છે ? [1]

## વિભાગ - C

20) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

"પ્રાચીન તપોવનો વિવિધ આશ્રમોથી ભરપૂર હતા. કેટલાક આશ્રમોમાં એક ઋષિ બે-ત્રણ શિષ્યોને અધ્યયન કરાવતા હતા. વળી સાંદીપનિ ઋષિના જેવા બીજા કેટલાક આશ્રમોમાં એક પ્રસિદ્ધ વિદ્યાગુરુની આસપાસ અનેક વિદ્યાર્થીઓ એકઠા થતા. આ બંને પ્રકારોમાં ગૃહનું જ વાતાવરણ પ્રવર્તતુ હતું. આ શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં વસતા, કાષ્ટ સંચય કરતા, ઢોર ચરાવતા, ભિક્ષા માગતા, ગુરુની અંગત પરિચર્યા અને ગૃહકાર્ય કરતા અને એમના ચરણે બેસીને વિનય અને પૂજ્યભાવ પૂર્વક જ્ઞાન ગ્રહણ કરતા. આ ગુરુઓને એમના શિક્ષણ કાર્યમાં 'વડા વિદ્યાર્થીઓ' મદદ કરતા. વિદ્યાભ્યાસ સમાપ્ત કર્યા પછી વિદ્યાર્થીઓ ગુરુને યોગ્ય ભેટ આપતા અને પોતાના ગામ કે શહેરમાં પાછા ફરતા. શિક્ષણનાં સમાપ્તિ કાળે વિદ્યાર્થી દેશમાં પર્યટન કરતો અને ગુરુ પાસે પ્રાપ્ત કરેલી વિદ્યા અનુભવની કસોટીએ ચઢાવતો. માનસિક દૃષ્ટિ વિશાળ કરી ગૃહસ્થજીવનનો આરંભ થતો."

અથવા

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં વિચાર વિસ્તાર કરો.**

દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું, દુઃખના વિશ્વમાં ટકે.

21) તમારી શાળામાં યોજાયેલ 'વિજ્ઞાન પ્રદર્શન' પર આશરે 100 (સો) શબ્દોમાં અહેવાલ લખો. [4]

અથવા

આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને યોગ્ય શીર્ષક આપો.

એક શિલ્પી - મૃત્યુની આગાહી - પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં - યમદૂતનું આગમન - મૂંઝવણ - યુક્તિ, 'હા, ભૂલ મળી ગઈ' એમ બોલવું - શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ ?' - 'બસ' આજ ભૂલ' - શિલ્પી પકડાઈ જવો - બોધ.

## વિભાગ - D

22) ગમે તે એક વિષય પર આપેલ મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [7]

**દીકરી, ઘરની દીવડી**

મુદ્દા :- પ્રસ્તાવના - બાળપણ - શાળાજીવન - એક સમયની સ્થિતિ - આજની સ્થિતિ - બે કૂળ તારે - ઉપસંહાર.

અથવા

**પુસ્તકોની મૈત્રી**

મુદ્દા :- પ્રસ્તાવના - સારાં પુસ્તકોનો ફાળો - સારાં પુસ્તકોના લાભ - હલકાં પુસ્તકોના ગેરલાભ - વાંચન પર ટી.વી.ની અસર - ઉપસંહાર.